# GUJARAT BILL NO. 11 OF 2018.

# THE GUJARAT PANCHAYATS (AMENDMENT) BILL, 2018.

## *A BILL*

*further to amend the Gujarat Panchayats Act, 1993.*

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૧.

ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૮.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના અગણ્યોસિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧)આ અધિનિયમ ગુજરાત પંચાયત (સુધારા) અધિનિયમ, ૨૦૧૮ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા અધિનિયમની કલમ ૫૫-નો સુધારો.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩માં, કલમ ૫૫-માં, પેટા-કલમ (૪)માં, "સરપંચની અથવા પંચાયતે તે અર્થે અધિકાર આપેલા પંચાયતના કોઇ સભ્યની અને સેક્રેટરીની" એ શબ્દોને બદલે, "સરપંચની અને સેક્રેટરીની" એ શબ્દો મૂકવા.

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૫૫-ની પેટા-કલમ (૪)થી, સરપંચની અથવા પંચાયતે તે અર્થે અધિકાર આપેલા પંચાયતના સભ્ય અને સેક્રેટરીની સહી સિવાય, પંચાયતના ફંડમાંથી નાણાનો ઉપાડ કરવા ઉપર પ્રતિબંધ મૂકે છે. ગુજરાત રાજય દ્વિતીય નાણા આયોગ-ની ભલામણને ધ્યાને લેતાં અને નાણાકીય અનિયમિયતતાને નિયંત્રિત કરવા માટે, સરપંચ અને સેક્રેટરીની સહી હેઠળ ચેક આપવામાં આવે તે જરૂરી છે. વિધેયકની કલમ ૨-થી તે અંગેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સન ૧૯૯૩-નો અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૮. (જયદ્રથસિંહજી પરમાર)

## પુરવણી

### ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

### (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)માંથી ઉતારા.

---

૫૫. (૧) XXX XXX XXX

સરપંચ, અથવા ઉપ-સરપંચના કારોબારી કાર્યો.

(૨) પૂર્વવર્તી જોગવાઇઓની સામાન્યતાને બાધ આવ્યા સિવાય-

(ક) સરપંચે-

(૧) પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું નિયમન કરવું જોઇશે;

(૨) પંચાયતના સઘળા અધિકારીઓ અને નોકરોએ કરેલાં કાર્યો અને લીધેલાં પગલાં ઉપર દેખરેખ રાખવી અને તેનું નિયંત્રણ કરવું જોઇશે;

(૩) કોઇપણ એક પ્રસંગે પચાસ રૂપિયા સુધીનો આકસ્મિક ખર્ચ કરવો જોઇશે;

(૪) નાણાં આપવાનો અધિકારી આપવા, ચેક લખી આપવા અને રિફંડ આપવા સહિત, પંચાયતના ફંડનો વહીવટ ચલાવવો જોઇશે;

(૫) પંચાયતના ફંડની સલામત કસ્ટડી માટે જવાબદાર રહેવું જોઇશે;

(૬) આ અધિનિયમથી અથવા તે હેઠળ જરૂરી સઘળાં પત્રકો અને રિપોર્ટો તૈયાર રખાવવા જોઇશે;

(૭) આ અધિનિયમથી અથવા તે હેઠળ કરેલા નિયમોથી તેને સોંપવામાં આવે અથવા તેના ઉપર નાંખવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવાં બીજા કાર્યો બજાવવા જોઇશે.

(ખ) ઉપ-સરપંચે,-

(૧) સરપંચની ગેરહાજરીમાં, પંચાયતની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું નિયમન કરવું જોઇશે;

(૨) સરપંચ, વખતોવખત તેમને સોંપે તેવી સરપંચની સત્તા વાપરવી અને તેવી તેમની ફરજો બજાવવી જોઇશે;

(૩) પંદર દિવસથી વધારે મુદત માટે ગામમાંથી સરપંચ સતત ગેરહાજર હોય અથવા સરપંચ અશકત થયો હોય તેવા દાખલામાં, સરપંચની સત્તા વાપરવી અને તેની ફરજો બજાવવી જોઇશે.

(૩) XXX XXX XXX

(૪) પેટા-કલમ (૨)ના ખંડ (૪)માં ગમે તે મજકૂર હોય તે છતાં, સહી સિવાય, પંચાયતના ફંડમાંથી કોઇપણ નાણા ઉપાડી શકાશે નહિ.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૧ ]

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી જયદ્રથસિંહજી પરમાર,

પંચાયત રાજ્ય મંત્રીશ્રી.]

(સન ૨૦૧૮ના ફેબ્રુઆરી મહિનાની ૨૨મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,

સચિવ,

ગુજરાત વિધાનસભા.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.